# ગાંધીનગરમાં દર કલાકે એક કોરોના દર્દીનું મૃત્યુ

## છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ દર્દીઓએ આખરી શ્વાસ લીધા, મુક્તિધામ અને રુદ્ર ભૂમિમાં અગ્નિસંસ્કાર માટે કતાર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ ખોલી દેવામાં આવ્યા છે. તેમાં પણ હવે ગણતરીના દર્દીઓ રાખી શકાય તેવી હાલત ઉભી થઈ છે. પાટનગરની કોવીડ હોસ્પિટલમાં ૪૩૦ જેટલા કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તેમ છતા હોસ્પિટલમાં કોરોના દર્દીઓનો ધસારો અવિરત પણ ચાલુ છે. તો બીજીતરફ ગાંધીનગર સિવિલમાં પણ મૃત્યુઆંક ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કોવીડ હોસ્પિટલમાં દર કલાકે એક કોરોના પોઝીટીવ દર્દી અંતિમ શ્વાલ લે છે. શહેરની સિવિલમાં ગુરુવારના રોજ પણ ૨૫ દર્દીઓ મૃત્યુને ભેટ્યા છે.

સમગ્ર રાજયમાં કોરોનાની સ્ફોટક સ્થિતિ જોવા મળી રહી છે. કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. દર્દીઓના આંકડામાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. રાજયમાં અધધ ૪૦૨૧ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. તો બીજીબાજુ ૩૫ દર્દીઓના જીવનદીપ બુઝાયા હોવાનું તંત્ર કહી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરી વિસ્તારમાં પણ કોરોના પોઝીટીવ ૩૯ દર્દીઓ અને ગ્રામીણ વિસ્તારમાં ૩૮ દર્દીઓ સામે આવ્યા છે. કોરોનાના વધી રહેલા ચેપને કાબુમાં કરવા માટે તંત્ર પણ મથામણ કરી રહ્યું છે.



ગાંધીનગર કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ દર્દીઓથી હાઉસફુલ થઈ ગયા છે. હાલ વિકટ પરિસ્થિતિ સર્જાઈ હોય તેમ લાગી રહ્યું છે. ૪૩૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ૧૭૦ થી વધુ દર્દીઓ ઓકિસજન,બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. સિવિલ તંત્ર દ્વારા પણ નવો વોર્ડ ઉભો કરવા માટે જગ્યાની શોધ ચલાવી રહ્યા છે. ત્યારે નર્સિંગ સ્ટાફના કર્મચારીઓની રજાઓ પણ રદ કરી દેવાઈ છે. જયારે કોરોના વધતા જતા કેસને પહોંચી વળવા માટે ૬ ડોકટર,૧૦ લેબ ટેકનીશીયન, ૧૦ કોમ્પ્યુટર ઓપરેટર, ૩૦ નર્સિંગ સ્ટાફ સહિત વર્ગ-૪ ના ૫૦ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. ત્યારે ગાંધીનગરમાં કોરોના ઘાતક બનતો જાય છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં દર કલાકે એક દર્દીનું મૃત્યુ થતા તંત્ર પણ ચિંતિત નજરે પડે છે. ત્યારે કોવીડ દર્દીઓના મૃત્યુઆંક વધતા સેકટર-૩૦ મુકિતધામ અને રૂદ્રભુમિ સ્મશાન ગૃહ ખાતે પણ ડેડબોડીની લાઈન લાગે છે. સવાર થી મોડી રાત સુધી સ્મશાનમાં કોરોના પોઝીટીવ મૃતકોના અગ્નિસંસ્કાર શરુ હોય છે.જયારે હાલ શબ વાહીનીની પણ અછત ઉભી થતા ના છુટકે તંત્ર દ્વારા એમ્બ્યુલન્સમાં ડેડબોડી લઈ જવાની ફરજ પડે છે.

# શહેર - જિલ્લામાં કોરોનાનું તાંડવ : ૮૩ કેસ

**ગાંધીનગરમાં ૩૨, કલોલમાં ૪, માણસામાં ૧ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા : પેથાપુરમાં બે બાળકો સંક્રમિત થયા : ૧૧ મહિલા દર્દી ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા : એક એનઆરઆઈ પણ સંક્રમિતોની યાદીમાં અને પાંચ વિદ્યાર્થીઓ નોંધાયા : સે. ૭, ૮,૨૧ માંથી પાંચ-પાંચ કેસ, સે. ૩, ૨૭ માંથી ૪-૪ કેસ, સે. ૨૫, ૨૩, ૨૮ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૨૦, ૧૪, ૫ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ૧૯, ૧૬, બોરીજ-આદિવાડામાંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના તાંડવ સામે તંત્ર પણ આજે લગભગ લાચાર બની ગયુ છે. તંત્ર દ્વારા કોવિડ કેર સેન્ટર તેમજ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ બનાવવા સતત દોડધામ કરવામાં આવી રહી છે. જિલ્લામાં આજે ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોના સંચાલકો સાથે તંત્રના અધિકારીઓએ બેઠક પણ યોજી હતી.

જિલ્લામાં આજે ૮૩ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૪૩ કેસ ગાંધીનગર શહેર અને ૪૦ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેનાથી તંત્ર હચમચી ઉઠ્યુ છે.

જિલ્લામાં દહેગામમાં ૩, કલોલમાં ૪ અને માણસામાં ૧ કેસ તેમજ ૩૨ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દી, પાંચ કર્મયોગી, ૫ વિદ્યાર્થી અને ૧ એનઆરઆઈનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

## સચિવાલયમાં વધતા સંક્રમણથી સન્નાટો

**૪ મંત્રીઓ, ૩ આઈએએસ અધિકારીઓ સહિત ૨૨૫ થી વધુ કર્મચારીઓ-અધિકારીઓ કોરોનાથી સંક્રમિત**

રાજ્ય સરકાર સંક્રમણના ભરડામાં ભીંસાઈ રહી છે. છેલ્લા ચાર દિવસથી સચિવાલયમાં વધતા સંક્રમણના પગલે હાહાકાર મચી જવા પામ્યો છે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિત ચાર મંત્રીઓ કોરોનામાં સપડાયા છે. અધિક મુખ્ય સચિવ પંકજકુમાર સહિત ૩ સનદી અધિકારી અને આઈપીએસ ઓફિસર કોરોનાની ઝપટે ચડ્યા છે. સચિવાલયના અલગ-અલગ વિભાગોના ૩૨ થી વધુ નાયબ સચિવો અને ૧૯૦ થી વધુ કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. આજે વધુ એક સેકશન ઓફિસર અતુલ વખારીયાનું કોરોનાથી નિધન થતાં સચિવાલયમાં સન્નાટો વ્યાપી ગયો છે.

વિધાનસભાના સત્રની પૂર્ણાહુતિની સાથોસાથ કોરોનાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હોય તેમ સચિવાલયમાં ૨૨૫ થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓ છેલ્લા ચાર દિવસમાં જ કોરોનાથી સંક્રમિત થયાના અહેવાલોએ વહીવટીતંત્રને હચમચાવી નાખ્યુ. ગાંધીનગરમાં દર દસમા ઘરે કોરોનાએ અડ્ડો જમાવ્યો છે અને આખે આખા પરિવારો સંક્રમિત થતાં ગાંધીનગર પણ ગભરાઈ ગયુ છે. મોટા ભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હવે ઓફિસોમાં જતાં પણ ડર અનુભવે છે. સચિવાલયના ટેબલે ટેબલે અત્યારે તો કોરોનાના કેસની ચર્ચાઓ જ ચાલે છે. કઈ ઓફિસમાં કેટલા પોઝીટીવ આવ્યા... કયા મંત્રીને ત્યાં કેટલો સ્ટાફ સંક્રમિત થયો અને પોત પોતાના સેકટરોમાં સર્જાયેલી હાલતની વાતો થઈ રહી છે. છેલ્લા એક સપ્તાહથી કોઈ અરજદાર સચિવાલયમાં આવવાની હિંમત કરતુ નથી એટલુ જ નહિ પણ કર્મયોગીઓ પણ અલગ અલગ કારણોસર ટાળી શકાય એટલુ ઓફિસ જવાનું ટાળે છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામમાં આજે બે બાળકો સંક્રમિત થયા છે. જેમાં એકની ઉંમર ૭ વર્ષ અને બીજાની ૯ વર્ષની વય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળકોની સંક્રમિત થવાની બાબતને તંત્રએ ગંભીરતાથી લીધી છે. ગ્રામ્ય વિતારમાં યુવાઓ, આધેડ અને મોટીવયના લોકો સંક્રમિત થઈ રહ્યા છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે. નાંદોલમાંથી બે કેસ અને પાલૈયામાંથી એક કેસ મળી આવેલ છે. તંત્ર દ્વારા તાલુકામાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

કલોલ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બાલવા ગામેથી બે અને લીંબોદ્રા ગામેથી બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના ઈટાદરા ગામેથી આજે વધુ એક કેસ મળી આવેલ છે જે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના પુંદ્રાસણ, વાવોલ, ડભોડા, ધણપ, મોટા ચિલોડા, મીલીટ્રી સ્ટેશન, ખોરજ, રાંધેજા, પોર, શેરથા, મગોડી, વલાદમાંથી એક-એક કેસ ઉપરાંત કોલવડામાંથી બે કેસ, કુડાસણમાંથી ૩ કેસ, ભાઈજીપુરામાંથી ૨ કેસ,

● અનુસંધાન પાના -૭ પર

# કોરોનાનો વિકરાળ થતાં શહેરમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો

**હોસ્પિટલોમાં વેન્ટીલેટર માટે દર્દીઓની દોડધામ : આરટીપીસીઆર અને સીટી સ્કેન માટે લાંબી કતારો : તમામ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે**

ગાંધીનગર શહેરમાં કોરોનાની બીજી લહેરમાં ભયાવહ દશ્યો સર્જાયા છે. ટેસ્ટીંગથી લઈને હોસ્પિટલમાં દાખલ થવા માટે લાંબી કતારો જોવા મળી રહી છે. દિવાળી બાદ વધેલા કેસો કરતાં પણ હાલમાં ખૂબ ખરાબ પરિસ્થિતિ સર્જાઈ છે. રીતસર અફરા-તફરીનો માહોલ સર્જાયો છે.

સમગ્ર દેશ કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે. માર્ચ મહિનામાં કોરોનાના કેસો વધવાના શરૂ થયાં હતા જે અત્યારે ભયાવહ સ્થિતિએ પહોંચી ગયા છે. કોરોનાના દૈનિક કેસોમાં ખુબ વધારો થયો છે. સંક્રમણ ખુબ ઝડપથી ફેલાતુ હોવાથી દર્દીઓની સંખ્યામાં મોટા પાયે ઉછાળો આવ્યો છે. રેપીડ એન્ટીજન ટેસ્ટ અને આરટીપીસીઆર ટેસ્ટ માટે લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. ગાંધીનગરમાં એક સરકારી અને બે ખાનગી હોસ્પિટલોમાં આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. આ તમામ લેબમાં લાંબી કતારો જોવા મળી રહી છે.



ટેસ્ટ ઝડપથી થાય તે માટે ભલામણો કરવી પડે છે. ટેસ્ટીંગ કેપેસીટી કરતા ત્રણ ઘણા વધુ દર્દીઓ આવી રહ્યા હોવાથી રીપોર્ટ આવવામાં ૨૪ થી ૩૬ કલાકનો સમય લાગી રહ્યો છે. એન્ટીજન ટેસ્ટ માટેના તમામ સેન્ટરો અને ડોમમાં ખૂબ લાંબી કતારો જોવા મળી રહી છે. ચેસ્ટ એક્સ રે માટે એક્સ-રે સેન્ટરો પર પણ દર્દીઓનું લાંબુ વેઈટીંગ છે. કોરોનાગ્રસ્ત દર્દીઓને લાંબી લાંબી કતારોમાં કલાકો ઉભા રહેવુ મુશ્કેલ બની રહ્યું છે.

સરકારી અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. વેન્ટીલેટર ખુટી પડે તેવી સ્થિતિ છે. ખૂબ જ ભયાવહ સ્થિતિનું હાલમાં નિર્માણ થયુ છે. ગાંધીનગરના રાજકીય ગલીયારીઓમાં અને સરકારી કચેરીઓમાં કોરોનાનુ સંક્રમણ ભયાવહ સ્થિતિએ પહોંચ્યુ છે. એક પછી એક મંત્રીઓ અને ધારાસભ્યો કોરોનાની ઝપેટમાં આવી રહ્યાં છે. મંત્રીઓ અને ધારાસભ્યોના સ્ટાફમાં પણ કોરોના ખુબ ફેલાયો છે. સંક્રમણ વધતા મુલાકાતીઓ પર પ્રતિબંધ મુકાયો છે તેમ છતાં સંક્રમણ કાબુમાં આવ્યુ નથી.

## ગૃહ વિભાગના સેક્શન અધિકારી અતુલ વખારીયાનું કોરોનાથી અવસાન

રાજ્ય સરકારના વધુ એક અધિકારીનું કોરોનાથી મૃત્યુ થતાં વહિવટીતંત્રમાં સન્નાટો પ્રસર્યો છે.



ગૃહ વિભાગના સેક્શન ઓફિસર અતુલ વખારીયાનું આજે કોરોનાથી મૃત્યુ થતાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. અગાઉ ૩ અધિકારીઓ કોરોનાથી મૃત્યુ પામ્યા. આમ રાજ્ય સરકારના અને ખાસ કરીને સચિવાલયના ઉચ્ચ અધિકારીઓના મૃત્યુથી સરકાર ભારે ચિંતામાં મુકાઈ છે.

## શહેરમાં વધુ પાંચ ધન્વંતરી રથ ફરશે

ગાંધીનગર શહેરમાં વધતા જતા સંક્રમણને પગલે તંત્રએ શહેરમાં ધન્વંતરી રથની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૭ ધન્વંતરી રથ ફરતા હતા હવે તેમાં પાંચનો વધારો કરવામાં આવશે.

## જિલ્લાની વધુ ૧૩ હોસ્પિટલોને ડેઝીગ્નેટેડ કોવિડ હેલ્થ સેન્ટર જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વધતા જતા કોવિડ સંક્રમણને ધ્યાને રાખી તંત્રએ આજે વધુ ૧૩ જેટલા સ્થાનો પર ૬૫૦ થી વધુ બેડ ઉભી કરી છે.

મળતી વિગતો પ્રમાણે એમ.બી. પટેલ સાર્વ. હોસ્પિટલ ઈસનપુર ખાતે ૫૦, રાંધેજા હોસ્પિટલ ખાતે ૫૦, રેવાબાઈ જનરલ હોસ્પિટલ ખાતે ૫૦, એસ.જે. હોસ્પિટલ પલીયડ ખાતે ૩૦, આશીર્વાદ હોસ્પિટલ દહેગામ ખાતે ૩૦, અરિહંત આયુર્વેદ કોલેજ અડાલજ ખાતે ૧૨૫, અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ કલોલ ખાતે ૨૦૦, સ્વામિ. આયુર્વેદ કોલેજ ખાતે ૬૦, મંજુશ્રી આયુર્વેદ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે ૧૦૦, હોમેયોપેથી કોલેજ મુબારકપુર ખાતે ૨૫ બેડને મંજૂરી આપી છે.

આ ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં કોવિડ-૧૯ની સારવાર ઉપલબ્ધ થશે. આ હોસ્પિટલોમાં સ્વૈચ્છાએ તેમના ત્યાં આવતા દર્દી પાસેથી સારવાર તેમજ તેનો આનુસંગિક ખર્ચ મેળવવાનો રહેશે અને આવા દર્દી ખાનગી દર્દી ગણાશે.

## મનપાની ચૂંટણી મુલ્તવી રાખવા કોંગ્રેસ-આપ આદમી પાર્ટીની માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૮મી એપ્રિલે યોજાનારી ચૂંટણી હાલ પુરતી મુલ્તવી રાખવાની માંગણી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ રાજ્ય ચૂંટણી પંચના કમિશનર સંજયપ્રસાદને પત્ર લખીને કરી છે.

ચાવડાએ લખેલા બે પાનાના પત્રમાં ચૂંટણીની ઘોષણા પૂર્વે કોંગ્રેસે કરેલી રજુઆતનો ઉલ્લેખ કર્યો છે. ચૂંટણીની જાહેરાત પછી શહેરમાં જે રીતે કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે અને સ્થિતિ જે વણસી છે તેનો ઉલ્લેખ કરી કહ્યુ છે કે શહેરમાં રાત્રિ કરફ્યુ લાદવામાં આવ્યો છે. આ સ્થિતિમાં આ ચૂંટણી યોજવી યોગ્ય નથી. પ્રજાની સુખાકારી અને પ્રજાનું આરોગ્ય પ્રથમ સ્થાને રહે છે એટલે આ ચૂંટણી મુલ્તવી રાખવામાં આવે તેવુ અમે સ્પષ્ટ માનીએ છીએ અને આપની સમક્ષ માંગ પણ કરીએ છીએ.

શહેરમાં વધતા જતા સંક્રમણની સ્થિતિ ભયાવહ છે. વધતા જતા સંક્રમણને લઈ ચૂંટણી મુલ્તવી રાખવાની આપ આદમી પાર્ટીએ પણ માંગ કરી છે.

બીજી તરફ ઉમેદવારો સંક્રમિત થઈ રહ્યા છે અને લોકો પણ મતદાનથી અળગા રહે તે માટે સોશ્યલ મીડિયામાં ઝુંબેશ હાથ ધરાઈ છે.

દરમ્યાન શુક્રવારને તા. ૯મીના રોજ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી અધિકારીઓ અને જિલ્લા કલેકટર સાથે ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.

ચોતરફથી થઈ રહેલા દબાણને લઈ પંચના સૂત્રોનું કહેવુ છે કે પંચનું મન ખુલ્લુ છે પણ ચૂંટણી મુલ્તવી રાખવી કે નહિ તે સમીક્ષા કર્યા પછી અને આરોગ્ય તેમજ પોલીસ સાથે પણ અલગથી સમીક્ષા કરાયા બાદ જ પંચ કોઈ ચોક્કસ નિર્ણય તરફ આગળ વધી શકે.

**બેસણું**



સ્વ. કૈલાસબા સુરેન્દ્રસિંહ ડાભી

અમારા પરમ પુજ્ય માતૃશ્રી સ્વ. કૈલાસબા સુરેન્દ્રસિંહ ડાભી તા. ૬/૪/૨૦૨૧ ને મંગળવાર ના રોજ દેવલોક પામ્યા છે.

સદ્ગતનું બેસણું : તા.૯/૪/૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : પ્લોટ નં. ૨૩૩/૨, શિવશક્તિ સોસાયટી, સેક્ટર-૧૪, ગાંધીનગર.
મો. ૯૭૨૬૮ ૦૭૩૧૬, ૯૮૨૫૭ ૧૦૭૮૯

લિ.
યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી (પુત્ર)
જીગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ ડાભી (પુત્ર)
રૂદ્રસિંહ યોગેન્દ્રસિંહ ડાભી (પૌત્ર)
મિતરાજસિંહ યોગેન્દ્રસિંહ ડાભી (પૌત્ર)
માહીબા જીગેન્દ્રસિંહ ડાભી (પૌત્રી)

વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com